# મોડાસામાં "યુવા શકિત દિન" કાર્યક્રમ યોજાયો

## ગુજરાત એવું રાજ્ય છે, જ્યાં બેરોજગારીનું સ્તર બીજા રાજ્યો કરતાં ઘણું નીચું છે : ગૃહરાજ્ય મંત્રી

બાયડ તા.૬ રાજય સરકારના સુશાસનના પાંચ વર્ષના સંદર્ભે ૬ ઓગસ્ટ શુક્રવારના રોજ "યુવા શક્તિ દિવસ" કાર્યક્રમ સુરત પર કાર્યક્રમ યોજાયો હતો.

જે અંતર્ગત અરવલ્લી મોડાસાના ઉમિયા મંદિર ખાતેથી ગૃહરાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં "યુવા માટે સરકાર અતિ મહત્વના નિર્ણયો હાથ ધર્યા છે. યુવા પેઢીને આગળ વધારવા તથા સામાન્ય પરીવારના બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી શિક્ષણની યોજના થકી સહાય અગત્યની જવાબદારી છે. શ્રમ-રોજગાર ક્ષેત્ર વધુ સુદઢ અને સરળ બને તેવી નવી ઘણી જ ભવિષ્યલક્ષી યોજનાઓ આ પ્રગતિશીલ સરકાર દ્વારા ઘડવામાં આવી છે. જેમાં રોજગાર દિવસ અંતર્ગત યુવાઓને રોજગારી પુરી પાડવાનો પણ રાજ્ય સરકારનો નિર્ધાર છે.

૨૦૧૪ માં જયારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ભારત દેશનો પદભાર સંભાળ્યો ત્યારથી આજ સુધી લઈને તેમણે ગુજરાતના વિકાસમાં વધારો થાય તેવા અનેકવિધ કાર્યો હાથ ધર્યા છે અને વિકાસના નવા દ્વાર ખોલ્યા છે. વિકાસ માટે શિક્ષણ, વીજળી,કાયદો,સ્વાસ્થ્ય સારું હોવું જોઈએ. રાજ્યમાં કાયદો વ્યવસ્થા યોગ્ય ન હોય તો કોઈ એક રૂપિયાનું રોકાણ ન થઈ શકે. ગુજરાતમાં કાયદાની ઉત્તમ પરિસ્થિતિ છે. રોજગારીના કારણે સમૃદ્ધિ છે.ગુજરાતમાં રોજગારી માટેના નવા નવા દ્વાર ખુલતા જાય છે. સરકાર દ્વારા ૧૦ હજાર સખી મંડળોને આત્મનિર્ભર બનાવવા લોન સહાય અપાઈ છે.તો લોકડાઉન દરમિયાન અન્ન વિતરણ કરી ગરીબોના ઘરના ચુલાને બુઝાવા દીધો નથી ખેડૂતોને દિવસે વીજળી મળતા રાત્રિના ઉજાગરા બંધ થાય છે. છેલ્લા ૨૫ વર્ષથી પ્રજાના આશીર્વાદ મળતા આ સરકાર વિકાસના કાર્યો કરી છે.



ખાતેથી 'રોજગાર દિવસ' નિમિત્તે શિક્ષણ સહાયકો, નર્સો તથા અન્ય વિભાગો અને બોર્ડ કોર્પોરેશનમાં અપાયેલી નિમણૂંકો હેઠળ અંદાજે ૫૦ હજાર યુવાઓને નિમણુંક પત્રોનું વિતરણ તથા રોજગારી માટેના વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લીકેશન "અનુંબંધમ"નું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે શુભારંભ કરાયું. જેમાં રાજ્યના ૫૧ સ્થળો શક્તિ દિવસ"નો કાર્યક્રમ યોજાયો જેમાં જીલ્લાના ૩૮૯ રોજગારવાંચ્છુઓને નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા.

આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, પ્રજા સુધી સરકારની ૫ વર્ષની કરેલ કામગીરી પહોંચે તે અંતર્ગત ૧ થી ૯ ઓગસ્ટ સુધી જુદા-જુદા સ્થળોએ રાજ્યમાં દરેક જગ્યાએ કાર્યક્રમો થઈ રહ્યા છે. અમે સરકારના યુવાધનને કૌશલ્યમાં વર્ધન થાય તે સરકાર કરી રહી છે. રાજય સરકાર જોબ પ્લેસમેન્ટ યોજીને બેરોજગારોને રોજગારી પૂરી પાડી રહી છે. ગુજરાત એવું રાજ્ય છે, જ્યાં બેરોજગારીનું સ્તર બીજા રાજ્યો કરતા ઘણું નીચું છે. રાજ્યના સર્વાંગી વિકાસમાં, ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં શ્રમ અને રોજગાર વિભાગનું મહત્વનું પ્રદાન છે. સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્ય બંનેનું મહત્વ છે અને બંને આ વિભાગની

# હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મામાં કાયદો વ્યવસ્થા પર નજર રાખવા ૩૦૦ કેમેરા લાગશે

### રાજયના ગૃહમંત્રીએ ક્રાઈમ કોન્ફરન્સમાં જાહેરાત કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર અને ખેડબ્રહ્મામાં કાયદો વ્યવસ્થા ઉપર સતત નજર રાખવા માટે વિશ્વાસ-૧ અને વિશ્વાસ-૨ પ્રોજેકટ હેઠળ કુલ ૩૨૫ સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન કરાયું છે. ગત રોજ રાજયના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ હિંમતનગર ખાતે આયોજીત ક્રાઈમ કોન્ફરન્સમાં તેની જાહેરાત કરી છે. ટેકનોલોજીના માધ્યમથી સરકાર કટીબધ્ધ હોવાનું જણાવી ટ્રાફીક, ઈડર ગઢ, ખનન, રેમડેસિવર કાળા બજાર, સહિતના નોંધાયેલા ગુના સંદર્ભે પણ કાયદાકીય કાર્યવાહી થશે તેમ જણાવ્યું હતું. પોલીસ સામે સતત પડકારો ઉભા થતા હોવાથી ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

જીલ્લામાં ઘરફોડ, વાહન ચોરી, સાયબર ક્રાઈમ, હત્યા, છેતરપીંડી, અપહરણ સહીતના ગુના ઘટાડવા માટેના પોલીસના સતત પ્રયાસ રહ્યા છે. ગુનેગારો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુનાને અંજામ આપતા હોવાથી પ્રજાની સુરક્ષા માટે પોલીસ પણ ટેકનોલોજીથી સજજ થઈ રહી છે. ગત રોજ રાજયના ગૃહમંત્રીએ યોજેલી ક્રાઈમ કોન્ફરન્સમાં ઉપરોકત તમામ ગુનાઓને ધ્યાનમાં રાખી અધિકારીઓ સાથે ચર્ચા વિમર્સ કરવામાં આવ્યો હતો જેમાં હિંમતનગર, ઈડર અને ખેડબ્રહ્મામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુચારુરુપ જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા સીસીટીવી કેમેરા ગોઠવવાનો નિર્ણય લેવાયો છે. ખાસ કરીને હિંમતનગર, ઈડરમાં ટ્રાફીકની સમસ્યા વિકટ બની છે. આ ઉપરાંત ચોકકસ સ્થળો અકસ્માત સ્પોટ બની ગયાં હોવાની રજુઆતોને ધ્યાનમાં રાખી અકસ્માતના બ્લેક સ્પોટ દુર કરવા માટે પણ ચર્ચા કરવામાં આવી છે.

# મોડાસામાં ભૃણ પરીક્ષણનો ભાંડો ફુટયો, ગાયનેક હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીન સીલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬ મોડાસામાં કેટલીક ગાયનેક હોસ્પિટલોમાં ગેરકાયદે ભૃણ પરીક્ષણ થતું હોવાની ફરીયાદો અવારનવાર ઉઠયા પછી ગત રોજ તંત્રને ભૃણ પરીક્ષણ મુદ્દે દોડવાની ફરજ પડી હતી. આરોગ્ય વિભાગ દ્વારા હજીરા વિસ્તારમાં આસ્થા ગાયનેક હોસ્પિટલમાં સોનોગ્રાફી કરવા સમયે ભરવામાં આવતા ફોર્મમાં અક્ષમ્ય ક્ષતિઓ જણાતાં સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગે ગાયનેક હોસ્પિટલમાં તપાસ હાથ ધરતાં ઘણા સમયથી કાયદાને નેવે મુકી ભૃણ પરીક્ષણ કરનારા ચોકકસ તબીબોમાં સન્નાટો વ્યાપ્યો છે.

ભૃણ પરીક્ષણ ઉપર સરકારે રોક લગાવી છે છતાં કેટલાક તબીબો સોનોગ્રાફી મશીન દ્વારા ગર્ભમાં દિકરો છે કે દિકરી તેની જાણ કોડ વર્ડ દ્વારા આપતા હોય છે. અરવલ્લીના પાટનગર મોડાસામાં ગર્ભ પરીક્ષણનો કારોબાર ઘણા લાંબા સમયથી ચાલી રહ્યો છે. રાજસ્થાનમાંથી ખાનગી હોસ્પિટલમાં દર્દીઓ લઈને આવતા ચોકકસ વાહનચાલકોએ ગેરકાયદે ભૃણ પરીક્ષણ કરનારા ડોકટરો સાથે સીન્ડીકેટ રચી છે. રાજસ્થાનથી અસંખ્ય મહિલાઓ મોડાસામાં આવી ભૃણ પરીક્ષણ કરાવતી હોવાની ફરીયાદો વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા હજીરા વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં તપાસ કરવામાં આવી હતી જેમાં સોનોગ્રાફી ફોર્મમાં કેટલીક અક્ષમ્ય ભુલો જણાતાં તાબડતોબ વિભાગના અધિકારીઓ દ્વારા આસ્થા હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું છે.એક તબકકે ગેરકાયદે ભૃણપરીક્ષણનો પર્દાફાશ થયો હોવાની વાતો શહેરમાં વહેતી થઈ હતી પરંતુ આશ્ચર્ય વચ્ચે સોનોગ્રાફી માટે ભરવામાં આવતા ફોર્મમાં કેટલીક ક્ષતિઓ રહી ગઈ હોવાના કારણે કાર્યવાહી કર્યાનું કહેવાઈ રહ્યું છે. વિભાગ દ્વારા પી.એન.ડી.ટી. એકટમાં ખામી હોવાનું કારણ બતાવી હાલ તો ખાનગી હોસ્પિટલનું સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવતાં ગેરકાયદે ભૃણ પરીક્ષણ કરનારા અન્ય તબીબોમાં ફફડાટ વ્યાપ્યો છે.

# જિલ્લામાં તહેવારો નજીક છતાં બજારોમાં મંદીનો માહોલ

### રવિવારથી દિવાસા સાથે તહેવારોની શ્રૃંખલા શરુ છતાં નીરસ ઘરાકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬ સાબરકાંઠા અરવલ્લી જીલ્લામાં શ્રાવણ માસ તેમજ સાતમ-આઠમના તહેવારો નજીકમાં હોવા છતાં બજારોમાં મંદીનો માહોલ છે. રવિવારે દિવાસા સાથે તહેવારોની શ્રૃંખલા શરુ થઈ રહી છે છતાં બજારોમાં નીરસ ઘરાકી જોવા મળી રહી છે. છેલ્લા દોઢ વર્ષથી કોરોનાના કારણે ધંધા રોજગાર ચોપાટ થતાં આગામી તહેવારોમાં બજારોમાં રોનક આવશે તેવું વેપારીઓ તે માની દુકાનોમાં માલ સ્ટોક કર્યો છે પરંતુ હજુ સુધી તહેવારોની ઘરાકી ન નીકળતાં વેપારીઓ ચિંતીત જણાય છે.

કોરોનાનું સંક્રમણ ઘટતાં તબકકાવાર રીતે ઔદ્યોગિક ગૃહો ધમધમતા થયા છે. બાંધકામ ક્ષેત્રે ઠપ થયેલી સાઈટો ફરીથી ધમધમતી થઈ છે. તહેવારો નજીક છે એટલે સ્વાભાવિક વ્યાપારીઓ સારી ઘરાકી નીકળશે તેવી આશા રાખતા હોય છેપરંતુ બન્ને જીલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટયા પછી અનલોકના તબકકામાં જનજીવન થાળે પડયુ પણ વેપાર ધંધામાં જોઈએ તેવી તેજી જણાતી નથી. બજારો તહેવારોને અનુલક્ષી સજજ બન્યાં પણ માંડ ૩૦ ટકા ઘરાકીથી વેપારીઓ ચિંતામાં મુકાયા છે અગાઉ કોરોના ના કારણે નાના મોટા વેપારીઓએ વેપારમાં મોટો આથિક ફટકો સહન કર્યો હોવા છતાં શ્રાવણ માસ દરમ્યાન આવતા તહેવારોમાં કમાઈ લઈશું તેવી આશા સાથે ધંધામાં રોકાણ કર્યુ પરંતુ હજુસુધી ઘરાકીમાં કોઈ વધારો થયો નથી. રવિવારના દિવસેથી દિવાસાની શરુઆત થવાની છે તે સાથે શ્રાવણ માસના આરંભે સાતમ-આઠમના તહેવારોપણ નજીક આવી રહયા છે તેમ છતાં બજારોમાં મંદીનો માહોલ યથાવત રહયો છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

કોરોનાની બીજી લહેરને નાથવામાં સફળ રહેલું ગુજરાત
સંભવિત ત્રીજી લહેરને આવતી અટકાવવા પણ તૈયાર



૫ વર્ષ
આપણી સરકારના
સૌના સાથથી સૌના વિકાસના



જીવન રક્ષક
કોરોના વૉરિયર્સ અને
ગામનું ૧૦૦ ટકા વેક્સિનેશન
કરાવનાર ૧૨૨૫
સરપંચશ્રીઓનું સન્માન
૧૧૮ ઓક્સિજન પ્લાન્ટ,
૫૧ નવા RTPCR ટેસ્ટિંગ મશીન અને
૨૦૦ નવા વેન્ટિલેટરનું લોકાર્પણ



રાજ્યભરમાં યોજાનારા આરોગ્ય સુખાકારી કાર્યક્રમો

- કોરોના કાળમાં ઉમદા સેવા આપી હોય તેવા **કોરોના વૉરિયર્સ, રસીકરણ ઝુંબેશમાં નોંધપાત્ર કામગીરી કરી હોય તેવા આરોગ્ય કર્મીઓ** તેમજ **૧૦૦ ટકા રસીકરણ** થયું હોય તેવા **૧૨૨૫** ગામોના **સરપંચશ્રીઓનું સન્માન** કરવામાં આવશે
- **₹૪૯ કરોડના ખર્ચે નવનિર્મિત ૧૧૮ PSA ઓક્સિજન જનરેશન પ્લાન્ટ**નું વિવિધ જિલ્લાઓમાં આજે થશે લોકાર્પણ. જેની ક્ષમતા **કુલ ૯૦ મેટ્રિક ટન ઓક્સિજનની** છે
- **૫૧** નવા **RTPCR** ટેસ્ટિંગ મશીન અને **૨૦૦** નવા **વેન્ટિલેટર**નું લોકાર્પણ
- ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૨ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૪ પેટા આરોગ્ય કેન્દ્રોના નવીન મકાનોના **કુલ ₹૬૪.૫૮ કરોડ**ના ખર્ચે બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેનું આજે થશે ઈ-લોકાર્પણ. **₹૨૩.૮૯ કરોડ**ના ખર્ચે નિર્માણ થનાર ૧ પેટા જિલ્લા હોસ્પિટલ, ૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૯ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું ખાતમુહૂર્ત થશે. **કુલ ₹૮૮.૪૭ કરોડ**ના ખર્ચે **૧૧૫ આરોગ્ય વિષયક સુવિધાના કામો** હાથ ધરાશે
- રાજ્યભરમાં જિલ્લા દીઠ એક અને મહાનગરપાલિકા દીઠ એક એમ **કુલ ૪૧ કાર્યક્રમો** યોજાશે

મુખ્ય કાર્યક્રમ
મુખ્ય મહેમાન
મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
-: વિશેષ ઉપસ્થિતિ :-
નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

**તારીખ:** ૭.૮.૨૦૨૧, **સમય:** સાંજે ૪.૩૦ કલાકે, **સ્થળ:** ડો. નલિનકાન્ત ટાઉનહોલ, હિંમતનગર

કોરોના સમય દરમ્યાન ઉમદા સેવા આપનારા વોરિયર્સનું સન્માન ગૌરવરૂપ છે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત